``

# -: એલોટમેન્ટ :-

## "1506 EWS  MMGY FP NO 30"

(૧) ડેવલોપર્સ/પ્રમોટર્સ નું નામ :- **ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**

(૨) સાઈટનું નામ :- "1506 EWS MMGY FP NO 30"

(૩) સરનામું :- ફાઈનલ પ્લોટ નં. ૩૦, ટી. પી. સ્કીમ. નં ૨/એ(ફુલસર), ભાવનગર

(૪) લેનારનું / એપાર્ટમેન્ટ ધારક નું નામ:-

શ્રી..................

(૫) એપાર્ટમેન્ટની વિગત :-     ફ્લેટ નમ.................

(૬) વેચાણ કિમંત :-..........................

(૭) વેચાણ કિમંત :-.........................

**-: દરેક એલોટીએ નીચેની વિગતો તપાસી સહી કરી આપવી :-**

(૧) તમામ નળ કનેક્શન, પાઈપ ફીટીંગ, ઇલેક્ટ્રિક ફીટીંગ, લડી ફીટીંગ,ગ્લેઝ તથા કિચન પ્લેટફોર્મ, સેલ્ફ, ફીટીંગ બારી, દરવાજા ફીટીંગ, લાપી, પ્રાયમર વગેરે તમામ કામ, ક્વોલીટી એપાર્ટમેન્ટ ધારકે જાતે તપાસી લીધેલી છે.

(૨) તમામ કોમન સુવિધા જેવી કે લીફ્ટ ફીટીંગ, કોમન ફીટીંગ, કોમન ગાર્ડન, કોમન પાર્કિંગ, કોમન લાઈટ ફીટીંગ, કોમન દાર, સબમર્શીલ, પાણીનાં ટાંકા તથા કમ્પાઉન્ડ વોલનાં દરવાજા વગેરે.... તમામ કામ, ક્વોલીટી એપાર્ટમેન્ટ ધારકે જાતે તપાસી લીધેલ છે.

(૩) એપાર્ટમેન્ટ ધારકે પોતાનો સામાન ફેરવણી, ફર્નીચર વગેરે.... કોઈપણ કામ કરવાથી કોમન સુવિધામાં નુકશાની થશે તો તે નુકશાન કર્તા જવાબદાર રહેશે. તે કમ્પ્લીટ રીપેરીંગ તાત્કાલિક કરી આપવાનું રહેશે.

આ ઉપરાંત ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ભાવનગર, ભાવનગર શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ બિનખેડવાણ પ્લોટ્સ નં.૩૦ ના કુલ નેટ પ્લોટ જમીન ચો.મી.આ. ૬૦૨૬-૫૫ કોમન

પ્લોટની જમીન ચો.મી.આ. ૫૨૪-૫૦ મળી કુલ જમીન ચો.મી.આ. ૬૫૫૧-૦૫ ઉપર ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માંથી મેળવેલ બાંધકામ પરવાનગી નં. ૧૫, તા. ૧૬/૦૪/૨૦૧૫ થી મંજુર થયા મુજબ ઈમારતો કે જે "**1506 EWS MMGY FP NO 30**" નાં નામથી ઓળખાય છે. તે ઈમારત માંહેથી ઉપરોકત વિગત વાળો એપાર્ટમેન્ટ વેચાણ દસ્તાવેજ થી તથા દર્શાવેલ કિમંતે લીધેલ છે. તે એપાર્ટમેન્ટનો કબજો આજ રોજ અમોએ નીચેની વિગતે સંભાળેલ છે. તેનો આથી અમો આ એલોટમેન્ટ લેટર લખી આપીએ છીએ.

સદરહું ઉપરોકત એપાર્ટમેન્ટ **ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન** પાસેથી અમોએ વેચે લીધેલ છે. સદરહું એપાર્ટમેન્ટનો કબજો સંભાળેલ ત્યારે તે એપાર્ટમેન્ટ સંપૂર્ણ પણે ચેક કરેલ છે. જેમ કે તે એપાર્ટમેન્ટનું બાંધકામ, તેમાં થયેલ પ્લાસ્ટર, તેમાં આવેલ કિચનમાં લગાવેલ પ્લેટફોર્મ ઉપરનો ગ્રેનાઈટ, વોશ, નળ ફીટીંગ તેમજ ફીટીંગ, તેમજ લાઈટ કનેક્શન અંગેનું વાઈરીંગ તથા જી.ઈ.બી. મીટર, તેમજ ફ્લૂરીંગ તેમજ એપાર્ટમેન્ટમાં આવેલ બધાંઅ બેડ રૂમના તથા લીવીંગ રૂમ તથા ડાઈનીંગ રૂમની દીવાલો, તેનું પ્લાસ્ટર, ગેન્ડી, બાથરૂમ ટોઇલેટ નાં નળ ફીટીંગ, ગ્લેઝ ટાઈલ્સ આ એપાર્ટમેન્ટમાં આવેલ સપૂર્ણ બારીઓ તેના હુકો, બારીઓના કાચ તેમજ આ એપાર્ટમેન્ટમાં આવેલ તમામ દરવાજો, તેના લોક, સ્ટપરો, તે આખા એપાર્ટમેન્ટમાં આવેલ લઈ ફીટીંગ, તેની સ્વીચો, આખા એપાર્ટમેન્ટની ફલોરિંગની મોઝેકટાઈલ્સ, ગટર કનેક્શનો, નળફીટીંગ, પાણીની નિકાલની લાઈનો, નળ કનેક્શન, તેમજ લીફ્ટ, સીડી, નીચે ગ્રાઉન્ડફલોરમાં આવેલ ખુલ્લું પાર્કિંગ, બહારની દીવા;ઓ, એપાર્ટમેન્ટનો મેઈન દોર, અગાશી ઉપરનો તથા ગ્રાઉન્ડ ફ્લોર ઉપરનો પાણીના તાકો સેફ્ટી ટેન્કો, તેના નિકાલની લાઈનો તેમજ તમોએ વેચાણ રાખેલ એપાર્ટમેન્ટ સંપૂર્ણ પણે ચેક કરેલ છે. તેથી હવે પછી તમારે તમારા એપાર્ટમેન્ટ અંગે કે આ **ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન** હેઠળ આવેલ સયુકત સુવિધાઓમાં ઓવરહેડ ટેંક, અન્ડર ગ્રાઉન્ડ ટેંક, કોમન પી.જી.વી.સી.એલ. (જી.ઈ.બી.) લાઈન, અંગે તેના કોઈપણ કામ અંગે તમોને કોઈપણ પ્રકારનો વાંધો નથી કે તે અંગે હવે પછી તમારે આ "**1506 EWS MMGY FP NO 30**" હેઠળ આવેલ અન્ય એપાર્ટમેન્ટ હોલ્ડરો સાથે મળીને ક્યારેય પણ કોઈપણ પ્રકારનો વાંધો ઉઠાવવો નથી કે ભવિષ્યમાં પણ તમારી સાથે કે વ્યક્તિગત રીતે કોઈપણ કોર્ટમાં અકેસ કરવા નથી. તેમજ સદરહું તમોએ વેચાણ રાખેલ એપાર્ટમેન્ટમાં આવેલ જી.ઈ.બી. (પી.જી.વી.સી.એલ.), હાઉસટેક્ષ, જી.એસ.પી.સી. નું કનેક્શન તમારે તમારા નામ ઉપર એલોટ થયા થતા દસ્તાવેજ થયેથી દિવસ-૪૫ માં તમારા નામે કરાવી લેવું છે. તેમ છતા તમારા નામે ન થાય તો પઝેશન/એલોટમેન્ટ મલ્યા તારીખથી તમામ જવાબદારી તમારા ઉપર છે.

એમ ઉપરોકત એપાર્ટમેન્ટ વાળી મિલકતનું બાંધકામ સંપૂર્ણ રીતે થયેલ છે. અને તેથી તે એપાર્ટમેન્ટ બનવાનાર **ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન** સામે એપાર્ટમેન્ટનાં અન્ય હોલ્ડરોએ ક્યારેય પણ કોઈપણ પ્રકારનો વાધો લેવા હક્ક નથી તવું આથી અમો એપાર્ટમેન્ટ ખરીદનાર આ એલોટમેન્ટ લેટર ઉપરથી લખી આપી લંબાઈ એપાર્ટમેન્ટનો કબજો આજ રોજ "રેરા" નાં કાયદા મુજબ સાંભળી લઈએ છીએ.

સ્થળ :    ભાવનગર                                                                                    -----------------------

તારીખ :    -    -૨૦૧૮                                                                                   (લેનાર ની સહી)